**રે.મુ..નં. ૮૪/૨૦૧૯**
**આંક–૭૭ નું સાંધણ.**

**<u>વાદીના સાહેદ નં.ર દીતાભાઈ રામસીગભાઈ કટારા ની આંક–૭૭ની સરતપાસ લગત ઉલટતપાસ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી.એ.જી.મન્સુરી</u>**

**સોગંદ આપ્યા.**

(૧) એ વાત ખરી છે કે હુ અભણ છુ મને લખતા વાચતા આવડતુ નથી. એ વાત ખરી છે કે, મારી સરતપાસ વકીલ સાહેબે તૈયાર કરેલ અને તેમા સહી કરવાનુ કહેતા મે સહી કરેલ. એ વાત ખરી નથી કે, મારા સરતપાસના સોગંધનામામા શુ લખેલ તે મને ખબર નથી. પ્લોટનં. ૪૮,૪૯ની વીગતો લખેલ છે તેનો સર્વે નંબર યાદ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન જંગલ ખાતાની જમીન છે. એ વાત ખરી છે કે, જંગલ ખાતુ જેને જમીન ખેડવા આપે તેને તે અંગેની સનદ આપે છે. જંગલ ખાતાએ વાદીઓને જમીન ખેડવાની સનદ આપી હોય તેવી સનદ મે જોયેલ નથી. મે વાદીઓની વેરા પાવતી જોયેલ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીનની બાજુમા મારી જમીન આવી હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી જમીનની ૭/૧૨ની નકલ મે વકીલ સાહેબને આપેલ છે. વાદીઓની એક પ્લોટ ચાર એકર સાડત્રીસ ગુઠાનો છે અને બીજો એક એકર અને બાવીસ ગુઠાનો છે. એ વાત ખરી છે કે, જંગલ ખાતાની જમીન ખેડવા માટે જંગલ ખાતાની પરવાનગી લેવી પડે. એ વાત ખરી છે કે, મે વાદી પાસે આવી કોઈ પરવાનગી જોઈ નથી.પ્લોટનં. ૪૮,૪૯ જંગલ ખાતામા કોના નામે બોલ ે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, વાદીને આવી કોઈ જમીન જંગલ ખાતા દવારા ફાળવવામા આવેલ ન હોવાછતા તેમજ વાદી આવી કોઈ જમીન સ્થળ ઉપર ખેડતા ન હોવા છતા વાદી મારા પડોસી થતા હોય તેમના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

**<u>વાદીના સાહેદ નં.ર દીતાભાઈ રામસીગભાઈ કટારા ની આંક–૭૭ની સરતપાસ લગત ઉલટતપાસ પ્રતિવાદી નં.૫ તર્ફે વિ.વ.શ્રી.પી.જે.જૈન</u>**

આ તબકકે પ્રતિવાદી નં. ૫ તર્ફે મુદત અરજી આવતા સબબ કામ ઉલટ તપાસ માટે મુલત્વી

તા. ૪/૧૧/૨૦૨૩ મારી રૂબરૂ
દાહોદ
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા (એન.જી.સુરતી)
તે ખરી અને કબુલ રાખેલ છે. પ્રિન્સી. સીની. સીવીલ જજ
દાહોદ

(એન.જી.સુરતી)
પ્રિન્સી. સીની. સીવીલ જજ,દાહોદ